
# સત્સંગ વિહાર ચેલેન્જ

:: રજૂકર્તા ::
બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય
અમદાવાદ

## પાઠ : ૧૫
## કળિયુગનો જાદુ



# ૧૫. કળિયુગનો જાદુ











**જૂનાગઢના દીવાન હરિદાસજી ચાર ધામની યાત્રાએ** જવાના હતા. તેથી તેઓ **ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શને** આવ્યા. સ્વામી કહે, 'દીવાન સાહેબ ! તમે જાત્રાએ જાઓ છો, તે તમારાં સગાં માટે કાંઈક લેતા આવશો કે નહિ ?' હરિદાસજી કહે, 'હા સ્વામી, એ તો રિવાજ છે.'

ત્યારે સ્વામી કહે, 'તમે અમારા માટે કાંઈ નહિ લાવો ?' દીવાન સાહેબને મૌન જોઈ સ્વામી કહે, 'મૂંઝાશો નહિ. અમને બીજું કંઈ જોઈતું નથી, જાત્રામાં ક્યાંય **ધન અને સ્ત્રીના ત્યાગી સંત મળે તો એક લેતા આવજો.'** હરિદાસજી કહે, 'સ્વામી ! એ તો હું જરૂર લઈ આવીશ.'

હરિદાસજી **ચાર મહિના તીર્થયાત્રા** કરી, પાછા જૂનાગઢ સ્વામી પાસે આવ્યા, ત્યારે સ્વામીએ પૂછ્યું, 'અમારું **સંપેતરું લાવ્યા ?'** દીવાનજી કહે, 'સ્વામી ! **તમારું સંપેતરું તો તમારે ઘરે જ છે. ચારે ધામ ફર્યો પણ તમારા જેવા ધન-સ્ત્રીના સંપૂર્ણ ત્યાગી કોઈ જગ્યાએ મળ્યા નહિ.** સારી કથા કરનારા અને યોગ સાધવાવાળા ઘણાને હું મળ્યો, પણ સ્ત્રી અને ધનનો સંપૂર્ણ ત્યાગ ક્યાંય ન હતો.'

ખરેખર, **સ્ત્રી અને ધનના સંપૂર્ણ ત્યાગી સંતો આપણા સ્વામિનારાયણ સંપ્રદાયની વિશેષતા** છે. **કળિયુગનો** આ **એક જાદુ** જ છે. **આજે** મોટા ભાગના યુવાન જ્યારે મોજ-મજા અને ભોગ-વિલાસ પાછળ પાગલ બન્યા છે, ત્યારે **૨૦-૨૦ વર્ષના નવયુવાનો સ્વામીબાપાના હસ્તે સંતદીક્ષા લે છે**. સંસારનો મોહ અને કારકિર્દીનો ત્યાગ કરે છે. મોક્ષના માર્ગે ચાલે છે અને અનેકને મોક્ષના માર્ગે ચઢાવે છે.

યોગીજી મહારાજે સંકલ્પ કર્યો હતો કે પ્રમુખસ્વામી મહારાજના હસ્તે ૭૦૦ સાધુ કરવા છે, એ સંકલ્પ સ્વામીબાપાએ સવાયો પૂરો કર્યો છે. આજે આપણી સંસ્થામાં ૯૦૦ થી વધુ સંતો છે.


■ **<u>આપણા સંતોની વિશેષતા</u>**

- આપણા સંતો નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્માન એમ **પંચવર્તમાન** પાળે છે. એટલે કે સ્ત્રીઓ સાથે કોઈપણ પ્રકારનો સંપર્ક રાખતા નથી. પૈસા રાખતા નથી. **પત્તરમાં જમે છે**. પોતાનાં સગાં-વહાલાંનો ત્યાગ રાખે છે. નિર્માનીપણે મંદિરની નાની-મોટી તમામ સેવા કરે છે. સૌને નમતા રહે છે.
- આપણા સંતો સાદાં **ભગવાં વસ્ત્રો** પહેરે છે. માથે **મુંડન** રાખે છે.
- આપણા સંતો **સુશિક્ષિત** છે. ડૉક્ટર, એન્જિનિયર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, M.B.A., પાઈલોટ, LL.B., ગ્રેજ્યુએશન, Ph.D., શિક્ષક વગેરે ડિગ્રી ધરાવે છે. અનેક સંતો અમેરિકા, ઇંગ્લેન્ડ, આફ્રિકા, ન્યુઝીલેન્ડ કે ઓસ્ટ્રેલિયાની **સિટિઝનશિપ** ધરાવે છે. ઘણા સંતો માતા-પિતાના **એકના એક સંતાન** છે.
- આપણા સંતો પ્રારંભમાં **સારંગપુરમાં તાલીમ** લે છે. ત્યારબાદ સ્વામીબાપાની **આજ્ઞા પ્રમાણે જુદાં-જુદાં મંદિરોમાં ભક્તિ-સત્સંગ** કરે-કરાવે છે. સાથે નિઃસ્વાર્થભાવે **સમાજસેવા** કરે છે.

ખરેખર, સ્ત્રી અને ધનના ત્યાગી આવા પવિત્ર સંતો સ્વામીબાપાએ સર્જેલ ચમત્કાર જ છે !

## પાઠ : ૧૫
# કળિયુગનો જાદુ

## ચેલેન્જ ૦૧ '' બુધ્ધિનો જાદુ...''



જરૂરી સામગ્રી : કાગળ અને પેન

કોણ જોડાશે : તમે અને તમારા ભાઈ-બહેન

રીત : તમારે તમારા ભાઈ-બહેનની મદદથી પાઠ નંબર ૧૫માં આપેલા key words ની મદદથી નીચે આપેલ આડી-ઉભી ચાવી પૂર્ણ કરવાની છે. તો બતાવો તમારી બુદ્ધિનો જાદુ...

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | | નં | | 3 | | ■ | ■ | 4 | ■ | ■ |
| ■ | ■ | | ■ | ■ | ■ | | ■ | ■ | ■ | | ■ | ■ |
| ■ | ■ | | ■ | ■ | ■ | | ■ | ■ | ■ | | ■ | 5 |
| ■ | ■ | ત્રા | ■ | ■ | ■ | | ■ | ■ | ■ | | ■ | |
| ■ | ■ | ■ | 6 | | | ચ | ■ | 7 | | ગ | | ર |
| ■ | ■ | ■ | | ■ | ■ | | ■ | ■ | ■ | ■ | ■ | ■ |
| 8 | | | ત | ■ | ■ | ■ | 9 | ■ | ■ | ■ | 10 | ■ |
| ■ | ■ | ■ | | ■ | ■ | ■ | | ■ | ■ | ■ | | ■ |
| ■ | 11 | ■ | ■ | 12 | | | ન | | | ■ | | ■ |
| ■ | | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | | ■ |
| ■ | | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | | ■ |
| ■ | 13 | | | | | ■ | ■ | ■ | 14 | | ન | ■ |
| ■ | | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ |

### આડી ચાવી

૧. શ્રીજીમહારાજને રહેવાનું ધામ એટલે અક્ષરબ્રહ્મ ________. (૮ અક્ષર)

૬. ભગવાન સ્વામિનારાયણે 'સ્વામિનારાયણ' ______ની સ્થાપના કરી. (૪ અક્ષર)

૭. પ્રમુખસ્વામી મહારાજનું પ્રિય ગામ કે જેમાં આપણા રાષ્ટ્રીય પક્ષીનું નામ સમાયેલું છે. (૫ અક્ષર)

૮. ખૂબ સારું શિક્ષણ મેળવેલ વ્યક્તિ (૪ અક્ષર)

૧૨. આપણા અનેક સંતો અમેરિકા, ઈંગ્લેન્ડ, આફ્રિકા, ન્યુઝીલેન્ડ કે ઓસ્ટ્રેલિયાની ______ ધરાવે છે. (૬ અક્ષર)

૧૩. સંતો નિઃસ્વાર્થ ભાવે ______ કરે છે. (૫ અક્ષર)

૧૪. રાજ્યનો એ અધિકારી કે જે રાજાની સાથે રહી રાજ્યના અગત્યના નિર્ણયો લેતો હોય. (૩ અક્ષર)

પાઠ : ૧૫

# કળિયુગનો જાદુ



## ઊભી ચાવી

૨. વિવિધ મંદિરો-તીર્થોમાં દર્શન કરવા માટે થતી યાત્રા. (૪ અક્ષર)
૩. સર્વોપરી ભગવાન. (૬ અક્ષર)
૪. સ્વામીબાપાની આજ્ઞા પ્રમાણે સંતો જુદા જુદા મંદિરોમાં ________ કરાવે છે. (૫ અક્ષર)
૫. સંતોને જમવા માટે વપરાતું લાકડાનું પાત્ર. (૩ અક્ષર)
૬. ગુણાતીતાનંદ સ્વામીએ દીવાનજીને પૂછ્યું "અમારું ________ લાવ્યા ?" (૪ અક્ષર)
૯. સંતોને દર સુદ તેરસે કરવાની ક્રિયા. (૩ અક્ષર)
૧૦. નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિર્માન અને નિઃસ્નેહ આ પાંચ સંતોના ________ કહેવાય. (૬ અક્ષર)
૧૧. ચારધામની યાત્રાએ જતા જૂનાગઢના દીવાન. (૫ અક્ષર)

જવાબ : Click Here

## ચેલેન્જ ૦૨ '' પરિચય કેળવો...''



જરૂરી સામગ્રી : મોબાઈલ, ડાયરી અને પેન
કોણ જોડાશે : માત્ર તમે
રીત : આજે તમારે તમારા શહેર-ગામમાં રહેતા અથવા વિચરણ માટે આવતા અને તમે જેમને ઓળખતા હો તેવા કોઇપણ ત્રણ સંતોનો પરિચય મેળવવાનો છે. તેના માટે તમે તે સંત સિવાય કોઈ બીજા સંતને, તમારા કાર્યકરને અથવા તમારા મંડળના કોઈ વડિલ હરિભક્તને ફોન કરીને સંતોની વિશેષતાઓ (જેમ કે, તે સંતે કરેલો અભ્યાસ, ક્યારે દીક્ષા લીધી, વિશેષ સેવા, વિશેષ નિયમો, વિશેષ પ્રસંગ વગેરે) જાણી શકો છો.

### મનન

પાઠ ૧૫માં જણાવ્યા પ્રમાણે આપણી સંસ્થાના તમામ પૂજ્ય સંતોનું જીવન કેવું પવિત્ર અને ધર્મ-નિયમયુક્ત છે, તેઓ કેવી સેવા કરે છે, કેવા નિયમો પાળે છે, તેનો વિશેષ પરિચય આ ચેલેન્જ દ્વારા મળશે. તેમના આ ગુણો આપણા જીવનમાં કેવી રીતે આવે તેનું મનન કરીશું.

# પાઠ : ૧૫
# કળિયુગનો જાદુ

## ચેલેન્જ ૦૩ ‘‘ નિઃસ્વાદી થઈએ...’’



જરૂરી સામગ્રી : સ્ટીલનું બાઉલ

કોણ જોડાશે : માત્ર તમે

રીત : આજે સવારે, બપોરે અને રાત્રે ત્રણ સમયે જ્યારે આપણે જમવા બેસીએ ત્યારે થાળીને બદલે એક સ્ટીલનું બાઉલ લેવાનું છે. તમે જે જમવાના હો તે બધું જ આ બાઉલમાં લઈ, તેમાં ૩ વખત થોડું-થોડું પાણી નાખી, તે ભોજન જમવાનું છે.

### મનન

આપણે એક જ દિવસ આ રીતે બધું ભેગું કરીને જમ્યા, તેમાં શું સ્વાદ આવ્યો ? જ્યારે આપણા ગુરુહરિ અને બધા જ સંતો તો દરરોજ આ જ રીતે જમે છે. કેવા નિઃસ્વાદી વર્તમાન !

બાળમિત્રો, તમે પાઠનું વાંચન પણ કરી લીધું અને એક્ટિવિટી દ્વારા તે પાઠની દ્રઢતા પણ કરી લીધી.
હવે, તૈયાર થઈ જાઓ આ પાઠની પરીક્ષા આપવા માટે.
નીચે આપેલી લીંક દબાવો અને આ પાઠમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપો.

ગુજરાતી Click Here

English Click Here

**જય સ્વામિનારાયણ**